RNI No. Guj Guj 2004/19315 Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2021

VIKLANG MITRA

તમામ પ્રકારના દિવ્યાંગોને સમર્પિત માસિક સમાચાર પત્ર

# વિકલાંગ મિત્ર

તંત્રી : ભરતભાઈ આર. પટેલ

VIKLANG MITRA MONTHLY

● વર્ષ : ૧૬ ● અંક : ૧-૨ ● ૫ સપ્ટે-ઓક્ટો-૨૦૧૯ ● વાર્ષિક લવાજમ રૂ.૫૦/- ● પાના - ૪

## આત્મવિશ્વાસનો મહાસાગર : જેસિકા કોક્સ

આલેખન : ડૉ. મનીષ રાવલ

જ્યારે આપણે કોઈ વ્યક્તિ વિશે જાણવાનો પ્રયત્ન કરીએ અને માલુમ પડે કે તે વ્યક્તિ ખૂબ સારું કોમ્પ્યુટર ચલાવી જાણે છે, માર્શલ આર્ટની કુશળ ખેલાડી છે, પોતાની તરણ ક્ષમતા થકી દરિયાના પેટાળ સુધી જવાનું કૌશલ્ય અને સામર્થ્ય ધરાવે છે અને ખૂબ સારી પાઈલટ પણ છે. આપણને સ્વાભાવિક રીતે એવો વિચાર જન્મે કે આમાં વળી નવું શું ? આપણા વિશ્વમાં એવી અનેક વ્યક્તિઓ છે જે બહુમુખી પ્રતિમા ધરાવે છે. પરંતુ, જ્યારે એ જાણવા મળે કે આ સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર પ્રતિભાનો જન્મ બંને હાથ વગર થયો છે તો આંચકો લાગે છે.

સિયેરા વિસ્ટા, એરિઝોના, યુએસ ખાતે ૨ ફેબ્રુઆરી, ૧૯૮૩ના રોજ, આ પૃથ્વી પર અનન્ય ઈતિહાસ રચવા જન્મેલી પ્રતિભા એટલે જેસિકા કોક્સ. માતાએ કરેલ નવ મહિનાની પ્રતીક્ષાનો સુખદ અંત આવવાની ક્ષણની ઈંતેજારી કોઈપણ કુટુંબમાં હર્ષ અને આનંદની વર્ષા વરસાવનાર સાબિત થતી હોય છે. આવું જ કંઈક થયું જેસિકાના પરિવાર સાથે. માતાના ગર્ભમાં જ કોઈ અસાધ્ય રોગથી પ્રભાવિત જેસિકાનો જન્મ બંને હાથ વગર થયો તે જોઈને પ્રાથમિક તબક્કે ચિંતાનું મોજું ફરી વળ્યું. પરંતુ પરિવારની મક્કમતા અને હકારાત્મક અભિગમ તરફ વળાંક આપ્યો. જેસિકાએ એવી સમજણ કેળવવાની પણ શરૂઆત કરી કે તેનામાં અને અન્ય સામાન્ય બાળકોમાં કોઈપણ ફરક નથી. સાંભળવામાં ખૂબ જ સરળ લાગતી આ વાત સ્વીકારવામાં અને અનુસરવામાં અત્યંત અઘરી છે. જેસિકાએ બાળપણમાં સામાન્ય બાળકોની સાથે શાળાએ જવાની શરૂઆત કરી પરંતુ શરૂઆતમાં અન્ય બાળકો દ્વારા મજાકનો ભોગ બનવું પડ્યું. આ મુશ્કેલીઓથી બચવા માતા-પિતાને ફરિયાદ કરી પોતાના જેવા બાળકો માટેની ખાસ શાળામાં જઈ શકી હોત. પરંતુ તેણે પરિસ્થિતિનો સામનો કરવાનું પસંદ કર્યું. ક્રમશઃ શાળામાં તેણીની અસામાન્ય ક્ષમતાની તેના સહપાઠીઓ તથા શિક્ષકોએ નોંધ લીધી. અભ્યાસમાં તેજસ્વી જેસિકા પોતાના ઉજ્જવળ પરિણામ થકી પોતાના શિક્ષકોનું ધ્યાન પોતાના તરફ ખેંચવામાં સફળ રહી. જેસિકાની માતાને પોતાની દીકરીની મુશ્કેલીઓ અને સલામતીની સતત ચિંતા સતાવતી હોવાથી માર્શલ આર્ટની તાલીમ લેવાની પ્રેરણા આપી. માર્શલ આર્ટમાં બંને હાથ અને બંને પગની ઉપયોગિતાથી વાકેફ માતાને જેસિકાની તકલીફોનો ખૂબ સારી રીતે ખ્યાલ હોવા છતાં તેને મુશ્કેલીઓનો સામનો કરવાની તાલીમ મળે અને મનોબળ મજબૂત બને તેવા ઉમદા હેતુથી ટેક્વોંડોની તાલીમ અપાવવાની શરૂઆત કરી. માત્ર દસ વર્ષની ઉંમરે જેસિકાએ અન્ય સામાન્ય બાળકોની સાથે ટેક્વોંડોની તાલીમ લેવાની શરૂઆત કરી અને બંને હાથ તથા કોણી પાસેથી લેવાનું કામ પોતાના પગના પંજા તથા ગોઠણ પાસેથી લેવાની કલા વિકસાવી. શરૂઆતના તબક્કે થોડી મુશ્કેલીઓ ભોગવ્યા બાદ પોતાના સંઘર્ષ અને પ્રેક્ટીસ થકી તેણે આ કલામાં નિપુણ બની અને બ્લેક બેલ્ટ પ્રાપ્ત કર્યા. આ તાલીમ દરમિયાન તેના આત્મવિશ્વાસ, સ્વયંશિસ્ત તેમજ પોતાની નિરાશાને હકારાત્મક દિશા તરફ વાળવાનો અવકાશ મળ્યો. શાળાકીય શિક્ષણ મેળવ્યા બાદ યુનિવર્સિટી ઑફ એરિઝોના ખાતે મનોવિજ્ઞાનનો અભ્યાસ શરૂ કર્યો તેમજ પોતાની ટેક્વોંડોની તાલીમ આગળ ધપાવી. યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતા અમેરિકન ટેક્વોંડો એસોસિયેશનના તાલીમ સેન્ટર સાથે જોડાઈ પોતાની જેવા બાળકોની સહાયતા માટે ખાસ પધ્ધતિઓ વિકસાવી. ૨૦૧૪ દરમિયાન અન્ય સામાન્ય વ્યક્તિઓ સાથે એરિઝોના સ્ટેટ ચેમ્પિયનશીપમાં પોતાની દાવેદારી નોંધાવી તેમજ તમામ હરિફોને પરાસ્ત કરી આ ખિતાબ પોતાના નામે કર્યો. આ તબક્કે ખાસ નોંધવા યોગ્ય બાબત કે તે એકથી વધારે વખત બ્લેક બેલ્ટ પ્રાપ્ત કરી ચૂકી છે. જેસિકાને એ ખૂબ જ સારી રીતે સમજાઈ ચુક્યું હતું કે તેણે પોતાના સપનાઓ પૂરા કરવા માટે પોતાના પગ પાસેથી હાથ અને પગ બંને અંગોનું કામ લેવું પડશે. તેની પાસે બે વિકલ્પો હતો એક હાથના અભાવે પડતી મુશ્કેલીઓને આગળ ધરી લોકોની સહાનુભુતિ પ્રાપ્ત કરી બેસી રહેવું, અને બીજો વિકલ્પ અતિશય સંઘર્ષ કરી પોતાના કૌશલ્યને કેળવી પોતાના સપનાઓને દિશા આપવી. આગળ જણાવ્યું તેમ, જેસિકા જાણે કોઈ અનન્ય ઈતિહાસનું સર્જન કરવા જ આ પૃથ્વી પર અવતરણ પામી હોય તેમ એક પછી એક કાર્યમાં નિપુણતા કેળવતી ગઈ. પોતાના પગના ઉપયોગ થકી રસોઈ કરવી, વાહનમાં ગેસ ભરવો, મોટરકાર (કોઈપણ પ્રકારના મોડીફીકેશન વિના)ચલાવવી, કોમ્પ્યુટર કે લેપટોપનો ઉપયોગ કરવો તેમજ દરિયાના પેટાળ સુધી જવાનું તરણ કૌશલ્ય કેળવ્યું અને આ સિવાય ઘણું બધું. વળી આ બધું માત્ર કરવા ખાતર નહીં, પરંતુ પૂરી ક્ષમતા સાથે કરવાનું અને સામાન્ય માણસને ટક્કર આપે તેવી ચોકક્સાઈ સાથે કરવાની કાળજી રાખી. દર મિનિટે ૨૫ શબ્દોની ઝડપથી ટાઈપિંગ કરતી જેસિકા એટલી જ સિફતથી પોતાનું સાત સૂરનું જ્ઞાન પિયાનો પર અજમાવી સંગીતની સુરાવલીઓ રેલાવે છે અને પોતાના કોન્ટેકટેન્સ પણ એટલી જ સાહજિકતાથી પહેરી અને કાઢી શકે છે. તેણે સ્કૂબા ડાઈવિંગમાં મહારત પ્રાપ્ત કર્યું અને તે એક ‘‘સર્ટિફાઈડ સ્કૂબા ડાઈવર’’ છે. ‘‘દરેક સપનાઓને પૂરા કરવાનો યોગ્ય સમય હોય છે અને દરેક સપનું તેના યોગ્ય સમયે જ પુરું થતું હોય છે એ ન્યાયે તે બાળપણથી જ આકાશમાં ઉડવાનું સપનું પોતાના મનમાં સાચવીને યોગ્ય સમયની રાહ જોઈ રહી હતી. અચાનક એક દિવસ તેના મનમાં વિચાર ચમક્યો કે જો આ બધી કામગીરી પગના

(અનુસંધાન પા.નં. ૪ ઉપર)

**સર્વે વાંચકો, શુભેચ્છકો, વિજ્ઞાપન દાતાઓને**

**નૂતન વર્ષાભિનંદન સહ પ્રણામ**

**નવા વર્ષે પણ આપનો એ જ પ્રેમ, હૂંફ, સહયોગ આપવા વિનંતી છે.**

**- તંત્રીશ્રી**



શ્રી રમણભાઈ ડી. પટેલ
ચેરમેનશ્રી
ધારાસભ્યશ્રી, વિજાપુર

# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, વિજાપુર

મુ.પો. વિજાપુર, જિ. મહેસાણા
ઓફિસ ફોન નં. ૨૨૦૦૦૧,૨૨૧૦૦૧
E-mail : apmcvijapur@gmail.com

## નૂતન વર્ષાભિનંદન



શ્રી કનુભાઈ ડી. ચૌધરી
વા. ચેરમેનશ્રી

બજાર સમિતિ, વિજાપુર મુખ્ય માર્કેટ યાર્ડ તથા કુકરવાડા, ગોઝારિયા સબ માર્કેટ યાર્ડોમાં કપાસ તથા અનાજ તેલીબીયાનું ખરીદ-વેચાણ સારા પ્રમાણમાં થાય છે અને વિજાપુર તથા લાડોલ સબ માર્કેટ યાર્ડોમાં તમાકુનું ખરીદ-વેચાણની વ્યવસ્થા છે. વિજાપુર શાકભાજી સબ માર્કેટ યાર્ડમાં શાકભાજીનું ખરીદ-વેચાણ સારા પ્રમાણમાં થાય છે. વિજાપુર મુખ્ય યાર્ડ સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ.

**● સરકારશ્રી દ્વારા ટેકાના ભાવથી મગફળી ખરીદ-વેચાણ કેન્દ્ર કાર્યરત ●**

**સદસ્યશ્રીઓ**

પટેલ પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ
પટેલ બાબુભાઈ સાંકાભાઈ
પટેલ રાજેન્દ્રકુમાર સાંકાભાઈ
પટેલ કમલેશભાઈ જીવણભાઈ
પટેલ રમેશભાઈ અંબાલાલ
પટેલ દેવેન્દ્રભાઈ સોમાભાઈ
પટેલ વિક્રમભાઈ રેવાભાઈ

પટેલ પ્રહલાદભાઈ વિઠ્ઠલભાઈ
પટેલ મણીભાઈ ત્રિભોવનભાઈ
પટેલ સતિષભાઈ જ્યંતિભાઈ
પટેલ અશોકકુમાર ઈશ્વરભાઈ
પટેલ નરેન્દ્રકુમાર મફતલાલ
શ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સ. મંડળીઓ, મહેસાણા
શ્રી જીલ્લા ખેતી અધિકારી, જિ. પં., મહેસાણા


રમેશભાઈ એસ. પટેલ, સેક્રેટરીશ્રી તથા કર્મચારી ગણ

ફાયર ફાઈટર
૯૪૨૯૧૯૭૬૫૧, ૨૨૦૧૯૦

**ઈમરજન્સી સેવાઓ**

એમ્બ્યુલન્સવાન
૯૪૨૯૧૯૭૬૫૨


પધારો..પધારો..પધારો..પધારો..પધારો..પધારો..પધારો..




પ. પૂ. પ્રાગદાસબાપા ગોદડીયાની ૧૦૧મી જન્મજયંતીની ઉજવણી
નિમિત્તે પૂ. ભાઈ શ્રી રમેશભાઈ ઓઝાની
શ્રીમદ્ ભાગવતકથા જ્ઞાનયજ્ઞ / કૃષિ મેળો

કથા તારીખ : ૦૬/૧૧/૨૦૧૯ થી ૧૩/૧૧/૨૦૧૯
કથા સમય : સવારે ૯:૩૦ થી બપોરે ૧:૩૦
સ્થળ : જુનામાંકા, તા. હારીજ, જી. પાટણ

કથા શ્રવણ તથા ઉજવણી ઉત્સવમાં પધારવા
જાહેર જનતાને આમંત્રણ છે.

ડો. એન. પી. પટેલ
મેનેજીંગ ટ્રસ્ટી
પ. પૂ. પ્રાગદાસ બાપુની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ, જુનાગઢ, જુનામાંકા

નૂતન વર્ષાભિનંદન

Gunvantbhai Patel
98243 48909
97375 38909

DHARATI
ELECTRONICS TV CENTER

SAMSUNG LLOYD Godrej MITSUBISHI Kelvinator SONY HITACHI General Electric Panasonic ONIDA DAIKIN

40, Maniratna Complex, T.B. Road,
Vijapur-384570, Dist. Mehsana (N.G.)
E-mail : gunvantpatel33@gmail.com

વિજાપુર તાલુકાના સૌ ભાજપના મારા કાર્યકર મિત્રો, શુભેચ્છકો, પ્રજાજનો, શુભેચ્છકો માટે આ નવીન વર્ષ આપ સૌના માટે સુખદાયી, ફળદાયી, લાભદાયી નીવડે તેવી મારી અંત:કરણપૂર્વકની શુભકામનાઓ...

**નૂતન વર્ષાભિનંદન**



BJP

BJP

**રાજુભાઈ સાંકાભાઈ પટેલ (ભાણપુર)**
**પ્રમુખશ્રી,**
**ભારતીય જનતા પાર્ટી, વિજાપુર તાલુકા**
**ચેરમેનશ્રી,**
**ઉત્તર ગુજરાત ફર્ટિલાઈઝર ડીલર વેલ્ફેર એસોશીયેશન, વિજાપુર**

*સર્વે સ્નેહીજનો, વેપારી બંધુઓ, ગ્રાહક બંધુઓને નવું વર્ષ જીવનમાં સુખના રંગ લાવે તથા પ્રગતિની દિશા તરફ લઈ જાય તેવી અભ્યર્થના સહ...*

**નૂતન વર્ષાભિનંદન**



**પટેલ નારણભાઈ જીવણદાસ (માઢીવાળા)**
રેતી, કપચી, ગ્રીટ, સિમેન્ટના જથ્થાબંધ વહેપારી

**ફર્મ : હરસિદ્ધ ટ્રેડર્સ, ઉમા ટ્રાન્સપોર્ટ**

સ્થળ :- ૧૫, કેશવપ્લાઝા કોમ્પલેક્ષ, આસ્થા પેટ્રોલ પંપ પાસે, હાઈવે, વિજાપુર-૩૮૨૮૭૦, જિ. મહેસાણા
મો.નં. : ૯૪૨૬૮ ૩૭૨૬૦, ૯૭૨૭૭ ૭૩૫૧૯


IFFCO
पूर्णतः सहकारी स्वामित्व
Wholly owned by Cooperatives

**ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કો-ઓ.લી.**




**ખાતરનું ખાતર સાથે વિમો**

**ઈફકોના પાણીમાં સંપૂર્ણ દ્રાવ્ય ખાતરો (૧૭-૪૪-૦૦,૧૮-૧૮-૧૮,૦-૦-૫૦)**
**ઝીંક સલ્ફેટ / સલ્ફર બેન્ટોનાઈટ / જૈવીક ખાતર / જંતુનાશક દવાઓ**

ઈન્ડીયન ફાર્મર્સ ફર્ટીલાઈઝર કો ઓપરેટિવ લીમીટેડ
૧લે, માળે, એન. પી. પટેલ ભવન, શિવરંજની ક્રોસ રોડ, સેટેલાઈટ, અમદાવાદ – ૩૮૦૦૧૫
ફોન નંબર – (૦૭૯) ૨૬૭૭૫૫૦૦, E mail - smm gujarat@iffco.in





**I CAN DRIVE A CAR**
**AND GO WHEREVER I WANT.**

• Both Limbs Disabled • Left Limbs Disabled • Right Limbs Disabled


Car Hand Opertor Kit :
**HO : +91 94260 51000**
www.hadicap.co.in

SAIKA
Adding Wings to The Differently Abled
www.handicap.co.in

સર્વે સ્નેહીજનો, વેપારી બંધુઓ, ગ્રાહક બંધુઓને નવું વર્ષ જીવનમાં સુખના રંગ લાવે તથા પ્રગતિની દિશા તરફ લઈ જાય તેવી અભ્યર્થના સહ...



**નૂતન વર્ષાભિનંદન**





**પટેલ દિનેશભાઈ વરવાભાઈ**

(બકાભાઈ - દાઢીવાળા)

# બંસરી ઘરઘંટી

**1,2,& 3 HP (SINGLE PHASE)**

**જુની ઘંટી એક્ષચેન્જ કરી આપવામાં આવશે.**

સંપર્ક :- મુ. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા

મો.નં. : ૯૯૨૫૭ ૩૩૭૩૫

સર્વે સ્નેહીજનો, વેપારી બંધુઓ, ખેડૂત બંધુઓને નવું વર્ષ જીવનમાં સુખના રંગ લાવે તથા પ્રગતિની દિશા તરફ લઈ જાય તેવી અભ્યર્થના સહ...

**નૂતન વર્ષાભિનંદન**



**પટેલ અમૃતભાઈ રામાભાઈ**

# અનુપમ નર્સરી

અમારે ત્યાં ટામેટી, મરચાં, ફુલાવર, કોબી, રીંગણ, વરિયાળી તથા તમાકુનો ધરૂ ગેરંટીથી વેચાણ મળશે.

**ઓર્ડર તથા એડવાન્સ બુકીંગ માટે મળો**

સ્થળ :- માઢી- સુંદરપુર રોડ, મુ.પો. માઢી, તા. વિજાપુર, જિ. મહેસાણા, મો.નં. : ૯૭૨૩૮ ૭૧૮૧૦, ૯૪૨૮૪૦૬૬૫૦

(અનુસંધાન પા.નં. ૧ ઉપરથી..)

ઉપયોગ થકી થઈ શકતી હોય તો પ્લેન શા માટે ન ઉડાડી શકાય ? આ વિચારને મૂર્તિમંત કરવા તેણે પાઈલટ તરીકેની તાલીમ લેવાનું વિચાર્યું. જેસિકા ખૂબ સારી રીતે જાણતી હતી કે આ કાર્ય કહેવા જેટલું કે વિચારવા જેટલું સરળ નથી, પરંતુ તેને આત્મવિશ્વાસ હતો કે આ કાર્ય અશક્ય પણ નથી. ૨૦૦૫માં પાઈલટ બનવાની તાલીમ લેવાનો પ્રારંભ કર્યો. પ્રારંભિક તબક્કે અસહ્ય તકલીફો વેઠવી પડી, પરંતુ સપનું આમેય ક્યાં આસાનીથી પુરું થાય છે ! અન્ય પાઈલટની સરખામણીએ જેસિકાની કસોટી પણ આકરી હોવાને લીધે, માત્ર છ માસની તાલીમ પ્રાપ્ત કરતા તેને ત્રણ વર્ષ જેટલો સમય લાગ્યો, પરંતુ તેની ધીરજ, પુરુષાર્થ અને કુનેહ પાસે પરિસ્થિતિ સામે નમતું જોખવું પડ્યું અને આખરે પાઈલટ તરીકેની તાલીમનું સર્ટીફીકેટ અને એરક્રાફ્ટ ઉડાડવા માટેનું લાયસન્સ મેળવીને જ જંપી. ૧૦,૦૦૦ ફૂટની ઉંચાઈએ બે હાથ વિનાના પાઈલટ દ્વારા, માત્ર પગના સહારે ઉડાડવા માં આવતા પ્લેનની કલ્પના કરી જુઓ, રૂવાંડા ઉભા થઈ જશે.આ તબક્કે ખાસ જણાવવાનું કે જેસિકા વિશ્વની સૌ પ્રથમ વ્યકિત છે જે બંને હાથ ન હોવા છતાં પાઈલટ તરીકેનું લાયસન્સ પ્રાપ્ત કરવામાં સફળ રહી છે. જેસિકાની સફળતાની નોંધ લેતાં ''યુએસ ઈન્સ્પિરેશન એવોર્ડ ફોર વુમન'' પણ એનાયત કરવામાં આવ્યો છે. જેસિકા પોતે સેલ્ફ મોટીવેટેડ હોવાની સાથે ખૂબ સારી મોટીવેશનલ સ્પીકર છે. તેણીએ જે સંઘર્ષ પોતાના અસ્તિત્વને સાબિત કરવા માટે કર્યો તેટલો સંઘર્ષ અન્ય કોઈને કરવામાં આવ્યો હોય તો તેઓ મેદાન છોડી જતા રહ્યા હોત. જેસિકાના સંઘર્ષની વાત વાંચતી વખતે જો આપણે રોમાંચિત થઈ ઉઠતા હોઈએ તો તેના મુખેથી આ વાત સાંભળવી એ રોમાંચના ઘોડાપૂર સમાન છે. વીસથી વધારે દેશોમાં, સેંકડો સ્થળોએ પોતાના વક્તવ્ય થકી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી ચૂકી છે.

પોતાના સંઘર્ષમય જીવનને 'Disarm Your Limits' નામના પુસ્તક સ્વરૂપે પ્રગટ કરી લાખો વાંચકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે પ્રેરણા પૂરી પાડી છે. જેસિકા યુ-ટ્યુબ શો 'Toe Talks' ને હોસ્ટ કરી પોતાનાં જેવાં અસામાન્ય બાળકોને રોજિંદા જીવનની મુશ્કેલીઓ દૂર કરવા અંગેનું માર્ગદર્શન પણ આપી રહી છે. જેસિકાને કેન્દ્રસ્થાને રાખી એમી એવોર્ડ વિજેતા ડાયરેક્ટર-પ્રોડ્યુસર નીક સ્પાર્ક દ્વારા 'Right Footed' નામની ડોક્યુમેન્ટ્રીનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેને પોતાના પગ દ્વારા સામાન્ય મોટરકાર ચલાવતી જોઈ રીમ અલ માર્ઝોકી નામના એન્જિનિયર દ્વારા એક અનોખી પધ્ધતિ વિક્સાવવામાં આવી જેમાં શરીરના ઉપરના હિસ્સાના ઉપયોગ વિના પણ સરળતાથી કાર ચલાવી શકાય. આ પેટન્ટ ભલે રીમ અલ માર્ઝોકીના નામે હોય પણ પ્રેરણા સ્રોત તો જેસિકા કોક્સ જ છે. જેસિકાના સંઘર્ષ, પરિશ્રમ અને સફળતા પ્રાપ્ત કરવાના જનૂનને સલામ.

સૌજન્ય : જન્મભૂમિ પ્રેષક : નિરંજન મહેતા, મુંબઈ ●

Book-Post Post Reg. No. G.Meh-257/Valid Upto 31-12-2021

From :

તંત્રીશ્રી, વિકલાંગ મિત્ર
મુ.પો. માઢી -૩૮૪૫૬૦, તા. વિજાપુર, જિ. મહેસાણા,
મો.નં. : ૯૭૨૬૦ ૪૩૯૧૧, ૯૧૦૬૦૫૩૯૦૨
viklangmitra@yahoo.com
www.viklangmitra.org

To.

PUBLISHER,OWNER :BHARATBHAI R. PATEL,PRINTAR: PRAVINBHAI K. PATEL, PLACE OF PRINTING : SHIV OFSET, PARTH COMLPEX, VIJAPUR DIST : MEHSANA, PLACE OF PUBLICATION : AT. POST : MADHI, TA. VIJAPUR, DIST : MEHSANA